વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં નાબાર્ડ લોન હેઠળ ગોડાઉન બાંધકામ યોજના અંતર્ગત થનાર ખર્ચ માટેની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
ક્રમાંકઃ બજટ/૧૨૨૦૧૮/૫૮૬૫/ક
અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
૧૪,સરદારભવન, પાંચમો માળ
સચિવાલય,ગાંધીનગર
તા.૧૫/૦૪/૨૦૧૯

ઠરાવઃ-

વર્ષ ૨૦૧૯-૨૦માં નાબાર્ડ લોન હેઠળ ગોડાઉન બાંધકામ યોજના પર થનાર ખર્ચ અન્વયે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં રૂ. ૮૦૦૦.૦૦/- લાખ (રૂપિયા આઠ હજાર લાખ પૂરા) ની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાબાર્ડ લોન હેઠળ ગોડાઉન બાંધકામ યોજના માટે વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રની જોગવાઈ મુજબના રૂ. . ૮૦૦૦.૦૦/- લાખ (રૂપિયા આઠ હજાર લાખ પૂરા) ખર્ચ કરવા નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ યોજનાનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૯થી કરવાનો રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ, રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૭) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.નિયત કરવામાં આવેલ લક્ષ્યાંકો અંદાજપત્રીય મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે.

(૮) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૯) બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૧૦) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૧) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણકર્યાબાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૧૨) રેલ્વે,વન અને પર્યાવરણ વિભાગ, પદુષણ નિયંત્રણ બોર્ડની મંજુરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્ક ઓર્ડર આપતાં પહેલા જરૂરી ચોકસાઇ કરી લેવાની રહેશે.

(૧૩) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૫) બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજુરીથી જો કોઇ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

(૧૬) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરીને પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમાનુસાર કરવાની રહેશે.

(૧૭) આઇ.ટી.સબંધિત તમામ બાબતો અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૮) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/ ૧૦૨૦૦૫/ ૧૪૦૭/ ચ અને તા.૮/૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/ ૧૦૨૦૦૫/ ૧૪૦૫/ ચ અન્વયે ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ અને ત્યારબાદની વખતો વખતની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૧૯) નિયત સમયે ખર્ચ વપરાશના પ્રમાણપત્ર સરકારશ્રીને રજુ કરવાના રહેશે.

(૨૦) મંજુર થયેલ અંદાજોમાં ફેરફાર થાય તો તે અંગેની સુધારેલ વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૨૧) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૨૨) ઉકત યોજના માટે નાબાર્ડની વખતો વખતની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| ક્રમ | બજેટ સદર | વર્ષ ૨૦૧૯-૨૦માં કરેલ જોગવાઇની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | માંગણી ક્રમાંકઃ-૨૩-<br>મુખ્ય સદરઃ- ૪૪૦૮-ખાદ્ય સંગ્રહ અને વખાર વ્યવસ્થા<br>પેટા મુખ્ય સદરઃ- ૦૨ અન્ન<br>ગૌણ સદરઃ- ૮૦૦- ખરીદ અને જથ્થો<br>પેટા સદરઃ ૦૨- નાબાર્ડની સહાય હેઠળ ગોડાઉન બાંધકામ | રૂ. ૮૦૦૦.૦૦/- |

શાખાની સમાનાંકી ફાઇલ પર નાણાં સલાહકારશ્રી ની તા.૦૫/૦૪/૨૦૧૯ની નોંધ થી મળેલ મંજુરી અનુસાર આ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ભગવતી દવે)
સેકશન અધિકારી
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાનાઃ-

(૧) નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા, અન્ન અને નાગરિક પુરવઠા નિયામક કચેરી, ગાંધીનગર.
(૨) મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લિ., ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ગાંધીનગર.
(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
(૫) અગ્રસચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૬) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૭) નાણાંકીય સલાહકારશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,બ્લોક નં-૫,ત્રીજો માળ ,સચિવાલય
(૮) નાણાં વિભાગ ક-શાખા સચિવાલય, ગાંધીનગર
(૯) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, બ્લોક નં-૧૭, ડૉ,.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
(૧૧) ઉપસચિવશ્રી, બજેટ શાખા અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,ગાંધીનગર
(૧૨) સીસ્ટમ મેનેજરશ્રી, અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) સિલેકટ ફાઈલ